# પીએમની મુલાકાત સમયે મનપાના સફાઈ કામદારોની વિરોધ પ્રદર્શનની ચિમકી

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




પિંડદાન બાદ સદગતને ગમતી વસ્તુ દાન કરવા કહ્યું હતું... તો આ ચાલુ કુપનીનો મોબાઇલ લઇ આવ્યા..?? .. ના ચાલે... મને ખબર છે કાકા એપલ ફોન સીવાય બીજો કદી પસંદ નતા કરતા..!

# તમામ ગંદકી માણસ માત્રની આંખમાં, બાકી સફાઇવાળાને એમાં રોટલો દેખાય : માયા આહીર

## સે-૬ ભુવનેશ્વર મંદિર યુવક મંડળ આયોજિત ગણેશોત્સવના લોકડાયરામાં ધર્મ ,ભકિત સાહીત્ય કલા અને સંસ્કૃતિના અનોખા સમન્વય વચ્ચે માયાભાઇ શ્રોતાઓને હાસ્ય રસથી તરબોળ કર્યા

ગાંધીનગર તા ૧૪

બીજાની પ્રગતિ સહન ન કરી શકે તે જ આ દુનિયામાં દુખી છે.ભકિત અને ભજનથી આત્મબળ વધે છે પણ પૈસા મળતા નથી. ધ્યેય હાંસલ કરવા બુધ્ધિને કેન્દ્રીત કરવી પડે છે. તમામ ગંદકી માણસની આંખમાં હોય છે..બાકી તો સફાઈ કામદારને એમાં રોટલો દેખાય છે. સે-૬ ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે યુવક મંડળ દ્વારા આયોજિત ગણેશોત્સવમાં જાણીતા કલાકાર માયાભાઈ આહીરે શ્રોતાઓને ડાયરામાં મોજ કરાવી દીધી હતી. ભાવિકોને ભકિત અને હાસ્ય રસથી તરબોળ કરી દીધા હતા. ધર્મ ,ભકિત ,સાહીત્ય,કલા અને સંસ્કૃતિના અનોખા સમન્વય સાથે માયાભાઈએ આગવી શૈલીમાં નોખી અનોખી વાતો દ્રષ્ટાંતો સાથે રજુ કરી શ્રોતાઓને હાસ્ય રસ પીરસ્યો હતો.

સે-૬ ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે યુવક મંડળ તેમજ સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા આયોજિત ગણેશોત્સવની ઉજવણી દરમિયાન મંગળવારે રાત્રે લોકડાયરના કાર્યક્રમમાં કલાકાર માયાભાઈ આહીરે હાસ્ય રસની હળવી શૈલીમાં શ્રોતાઓને કલા સાહીત્ય અને સંસ્કૃતિને ઉજાગર કરતી વાતોથી ભકિત રસમાં તરબોળ કરી દીધા હતા. વિશાળ સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાઓ મનમુકીને ખિલખિલાટ કરતા નજરે પડયા હતા.તેમણે હાસ્યની સાથે સમાજ ઉપયોગી વાતોના પણ દ્રષ્ટાતો રજુ કરી શ્રોતાઓને ઢંઢોળ્યા હતા. તેમણે જણાંવ્યુ હતુ કે જે પોતાના જોરે આગળ વધે તે વ્યકિત જ ઈતિહાસ સર્જે છે. તેમણે મહાભારતના કર્ણ સહીતના ત્રણ ક ને વાંચશો તો જનરલ નોલેજનો અભ્યાસ કરવાની જરૂર નહીં પડે તેમ પણ ઉમેર્યુ હતુ. ધર્મથી ધોળા થવાય છે. શરીરના રંગથી નહી ચારિર્ત્રયથી ખાનદાની દેખાય છે. આ દેશ માં નો છે. મમ્મીનો નહીં..તેમણે પશ્ચિમી સંસ્કૃતિમાં છવાયેલા દુષણો અને ભાષાના પ્રભાવથી દુર રહેવા પણ હાકલ કરી હતી.




# જય અંબે પરિવાર દ્વારા અંબાજી પદયાત્રામાં વ્યસનમુક્તિ અભિયાનની પ્રસ્તુતિ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર સ્થિત શ્રી જય અંબે પરિવારની ૨૮મી પદયાત્રા તાજેતરમાં સંપન્ન થઈ તે દરમિયાન જગત જનની 'મા' જગદંબાના ગુણગાનની સ્તુતિવંદના, પૂજન-અર્ચન અને ધૂનની રમઝટ નિયમિત કરવામાં આવી હતી. આ પ્રથામાં કેટલાંક નવયુવા પદયાત્રીઓએ સ્વયંભૂપણે એક નવું છોગું ઉમેરવાનો ઉમદા કાર્યક્રમ રજૂ કર્યો હતો.

પદયાત્રાની ચોથી રાત્રીના રોકાણ પૂર્વે સાંધ્ય બેઠકમાં, ગાંધીનગરની એલડીઆરપી કોલેજની એન્જિનિયરીંગ શાખાના કેટલાંક યુવા પદયાત્રીઓએ, એનએસએસના પ્રોગ્રામ ઓફિસર લેફટનન્ટ નોરીલ વેયપન પ્રેરિત લોકસેવાની શિખને ચરિતાર્થ કરવાની પ્રેરણા તેમજ શ્રી જય અંબે પરિવારના પ્રમુખ લલિતભાઈ પટેલના સહયોગથી વ્યસન મુક્તિ થીમ આધારિત બોધ લઘુનાટિકા સફળતાપૂર્વક રજૂ કરી હતી. જેમાં સદર કોલેજના સિવિલ એન્જિનિયરીંગની કુ. ચાર્મી પટેલ, કેયુર પટેલ, નિલ પટેલ સાથે મિકેનિકલ એન્જિનિયરિંગના ઝિલ પટેલ અને આનંદ પટેલે પ્રસંશનીય પ્રસ્તુતિ કરીને વ્યસનના દૂષણથી મુક્ત થવાનો ઉમદા સંદેશ રજૂ કર્યો હતો.

## આજે સે. ૬-બી ૮૧ વાર વસાહતની નવરાત્રિ અંગે બેઠક

ગાંધીનગરના સેક્ટર-૬-બીમાં ૮૧ ચો.મી. વસાહત દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ આગામી નવરાત્રિ મહોત્સવના આયોજન માટે આવતીકાલે તા. ૧૫મી સપ્ટેમ્બરે રાત્રે ૮.૩૦ કલાકે સે. ૬-બીના નવરાત્રિ ચોક (૮૧વાર) ખાતે એક ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં વસાહતના તમામ રહીશોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# રખડતા ઢોરની અડફેટે વધુ એક વાહનચાલકનું મૃત્યુ

## કોબા-શાહપુર સર્કલ રોડ પરથી એક્ટીવા લઇને જતા સુઘડના વૃધ્ધને આડે ગાય આવતા અકસ્માત નડ્યો: ત્રણ દિવસથી બેભાન વૃધ્ધે હોસ્પિટલમાં પ્રાણ છોડયા

ગાંધીનગર,તા.૧૪

ગાંધીનગર શહેર તથા આસપાસનાં વિસ્તારોમાં રખડતા ઢોરોનો ત્રાસ જીવલેણ સાબીત થઈ રહ્યો છે. થોડા દિવસ પહેલા કુડાસણ નજીક એક મહિલાનુ મૃત્યુ વાહનને આડે ઢોર આવતા થયાની ઘટના બની હતી ત્યારે રખડતા ઢોરની અડફેટે વધુ એક વાહનચાલકે પોતાનો જીવ ગુમાવ્યો હોવાની ઘટના બનવા પામી છે. સુઘડ ખાતે રહેતા એક વૃધ્ધ એક્ટીવા લઈને કોબાથી શાહપુર સર્કલ રોડ પર પસાર થઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં આડે ગાય આવતા તેમને ગંભીર અકસ્માત નડ્યો હતો. ત્રણ દિવસથી હોસ્પિટલમાં બેભાન હાલતમાં સારવાર લઈ રહેલા વૃધ્ધનુ આજે અમદાવાદ સિવિલમાં સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યુ છે.

અડાલજ નજીક આવેલા સુઘડ ગામની સિમમાં આવેલા એટલાંટીક પાર્ક સોસાયટી ખાતે રહેતા ૭૨ વર્ષિય વૃધ્ધ ઘનશ્યામભાઈ તેજુમલભાઈ વાસવાણી ગત ૧૧ સપ્ટેમ્બરે બપોરે ૧ વાગ્યાના અરસામાં પોતાનુ એક્ટીવા નં.જી.જે.૧૮ સી.કે ૭૭૯૮ લઈને કોબા-શાહપુર સર્કલ ગાંધીનગર રોડ તરફ જઈ રહ્યા હતા ત્યારે સીટી પલ્સ થિયેટર સામે તેમના એક્ટીવાની આડે એક ગાય અચાનક આવી જતા એક્ટીવા સાથે તેઓ પણ ફંગોળાઈને જબરદસ્ત રીતે પટકાયા હતા.

ગંભીર રીતે ઘવાયેલા ઘનશ્યામભાઈને બેભાન હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા પરંતુ તબિયત નાજુક જણાતા તેમને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્રણ દિવસથી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા ઘનશ્યામભાઈનુ આજે સવારે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન પ્રાણ પંખેરુ ઉડી ગયુ હતુ. પોલીસને આ મામલે જાણ થતા મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી મૃતકનાં દિકરા હરેશભાઈની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી વધુ તપાસ પી.એસ.આઈ એમ.આર.પટેલે શરુ કરી છે.

# પીએમની મુલાકાત સમયે મનપાના સફાઈ કામદારોની વિરોધ પ્રદર્શનની ચિમકી

ગાંધીનગર મહાનગર પાલિકાના ૩૦૦ સફાઈ કર્મચારીઓને મનપા તંત્ર દ્વારા છુટા કરી દેવામાં આવ્યા છે. આ સફાઈ કામદારોએ ફરજ પર પરત લેવા માટે વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરી છે છતા યોગ્ય નિવેડો આવ્યો નથી ત્યારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તા.૧૭ના રોજ પોતાના જન્મદિન નિમિતે માતા હિરાબાના આશિર્વાદ લેવા ગાંધીનગરની મુલાકાતે આવવાના છે. ત્યારે તંત્ર દ્વારા છુટા કરાયેલા ૩૦૦ સફાઈ કર્મચારીઓને ત્રણ દિવસમાં નોકરી પર રાખવામાં નહી આવે તો ગુજરાત સફાઈ કર્મચારી આંદોલનના નેજા હેઠળ સફાઈ કર્મચારીઓએ વિરોધ પ્રદર્શનની ચિમકી ઉચ્ચારી છે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં રોજમદાર તરીકે કામગીરી કરતા ૩૦૦ કર્મચારીઓને છુટા કરી દેવામાં આવ્યા છે. આ મામલે ગુજરાત સફાઈ કર્મચારી આંદોલનના કન્વીનર વિનુભાઈ ઝાંપડીયાએ જણાવ્યું છે કે કામદારોને ફરજ પર પરત લેવા માટે મનપાના મેયર, કમિશનર તેમજ જિલ્લા કલેકટર સહિત મુખ્યમંત્રી ને પણ લેખિત તેમજ મૌખિક અનેક રજુઆતો કરી ચુક્યા છે. ૩૦૦ કર્મચારીઓ ને છુટા કરાયા છે જયારે અત્યારે હાલ રાજકોટની ખાનગી એજન્સીને કામ સોંપવામાં આવ્યું છે. ખાનગી એજન્સી દ્વારા કર્મચારીઓનું આર્થિક શોષણ કરવામાં આવી રહ્યું છે. છેલ્લા ૩ દિવસમાં કામદારોને પાછા નોકરી પર નહી લેવામાં આવે તો તા ૧૭ ના રોજ જન્મદિવસે પીએમ ગાંધીનગરની મુલાકાતે આવનાર છે તે સમયે ૩૦૦ કર્મચારીઓ, વિવિધ સંસ્થાઓ તેમજ દલિત આગેવાનો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવશે તેવી ચિમકી કન્વીનર વિનુભાઈ ઝાંપડીયાએ ઉચ્ચારી છે.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરીમાં ઉંદરનો ત્રાસ વધી જતાં રેકર્ડ તેમજ કચેરીના અન્ય સાધનો અને રાચરચીલાને નુકશાન પહોંચાડી રહ્યા છે.
- જિલ્લા કલેકટરશ્રીએ વધુ ત્રણ નાયબ મામલતદારોની બદલી કરી છે.
- જિલ્લામાં આજથી મતદાર યાદી સુધારણા ઝુંબેશ શરૂ થવાની હોઈ ચૂંટણી કમિશનરે વિડીયો કોન્ફરન્સ યોજી હતી.
- અધિકારીઓ આજે પ્રધાનમંત્રીના પ્રવાસને લઈ તેમજ અન્ય ખાતાકીય મિટીંગોમાં સૌથી વધુ વ્યસ્ત રહ્યા હતા.
- જિલ્લામાં પ્રભારી મંત્રી ડૉ. નિર્મલા વાઘવાણી બાળ મજૂરી નાબૂદી અંગેના સેમિનારમાં હાજરી આપશે.
- આજે સચિવાલયમાં ઈ.ગ્રામ સોસાયટીની બેઠક મળી હતી.
- સેન્ટ્રલ વર્જમાં છોડના કટીંગ પછી તેનું કટીંગ પણ ત્યાં જ મુકી રાખવામાં આવતુ હોવાથી વધુ ગંદકી ફેલાય છે.
- ગાંધીનગર વૃક્ષોનું ટ્રીમીંગ ન થતાં સ્ટ્રીટ લાઈટોનો પુરો પ્રકાશ પણ રોડ પર પડતો નથી તેવી ફરિયાદો ઉઠવા પામી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં બદલીનો ગંજીફો ચીપવાની કવાયત ચાલી રહી છે.


મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા - ૨૦૧૭

NO VOTER TO BE LEFT BEHIND

भारत निर्वाचन आयोग Election Commission of India

શું તમે ૧ લી જાન્યુઆરી ૨૦૧૭ કે તે પહેલાં ૧૮ વર્ષના થાઓ છો?
અથવા
તમે ૧ લી જાન્યુઆરી, ૨૦૧૬ કે તે પહેલાં ૧૮ વર્ષના થઇ ગયા હોવા છતાં મતદારયાદીમાં નોંધણી નથી કરાવી?

કોણ અરજી કરી શકે?
- ભારતીય નાગરિક
- ૧ જાન્યુઆરી, ૨૦૧૭ કે તે પહેલાં ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હોય
- મતદાન મથકના વિસ્તારના સામાન્ય રહેવાસી
- નીચેના કારણોસર ગેરલાયક ઠર્યા ન હોય : ભારતના નાગરિક ન હોય અથવા સક્ષમ કોર્ટ દ્વારા અસ્થિર મગજના જાહેર કરેલ હોય અથવા નિર્દિષ્ટ ભ્રષ્ટ રીતરસમો અથવા ચૂંટણી ગુના આચરવાના કારણે મતદાન માટે ગેરલાયક ઠર્યા હોય

અરજી કેવી રીતે કરશો (ઓફલાઇન)
- દરેક પ્રકારના ફોર્મ મતદાર નોંધણી અધિકારી (ERO) ની કચેરી અને બૂથ લેવલ ઓફિસર (BLO) પાસેથી મળી શકશે અથવા આ ફોર્મ www.eci.nic.in પરથી ડાઉનલોડ કરી શકશો.
- ફોટો, ઉંમર અને રહેઠાણના પુરાવા સાથે નિયત ફોર્મમાં વિગતો ભરી રજૂ કરો.
- ફોર્મને મતદાર નોંધણી અધિકારી / મદદનીશ મતદાર નોંધણી અધિકારી / બુથ લેવલ ઓફિસર / કલેકટર કચેરી કે મામલતદાર કચેરીમાં પણ જમા કરાવી શકાશે. www.nvsp.in પર ઓનલાઇન ફોર્મ ભરી શકાશે.

અરજી કેવી રીતે કરશો? (ઓનલાઇન)
- નેશનલ વોટર્સ સર્વિસ પોર્ટલ (NVSP) www.nvsp.in માં, "Apply Online" પર કિલક કરીને ફોર્મ નં.૬ માં તમારું નામ અને વિગતો ભરીને તેની સાથે ફોટો, ઉંમર અને રહેઠાણના પુરાવા અપલોડ કરી નામ નોંધણી કરાવો.
- જો મતદારયાદીની વિગતોમાં કોઇ ફેરફાર અથવા સુધારો કરવાનો હોય તો આ વેબસાઇટ પર "Correction of Entries " કિલક કરીને ફોર્મ નં.૮ ભરવું.
- બિનનિવાસી ભારતીય મતદારો (Overseas Voters) ઓનલાઇન નોંધણી ફોર્મ નં. ૬-અ ભરીને કરી શકશે.

National Voters Service Portal
http://www.nvsp.in

વધુ માહિતી અને સહાયતા માટે ટોલ ફ્રી નંબર ૧૯૫૦ પર ફોન કરો.

કયા ફોર્મનો ઉપયોગ કરવો?

| ફોર્મ નં.૬ | ફોર્મ નં.૬-અ | ફોર્મ નં.૭ | ફોર્મ નં.૮ | ફોર્મ નં.૮-અ |
| --- | --- | --- | --- | --- |
| મતદારયાદીમાં પ્રથમ વખત નોંધણી કરાવવા અથવા એક વિધાનસભા મતવિભાગમાંથી બીજા વિધાનસભા મતવિભાગમાં મતદાર સ્થળાંતર થવાથી | ભારતીય પાસપોર્ટ ધરાવતા બિનનિવાસી ભારતીય મતદારો (Overseas Voters) | નામ કમી કરવા અથવા મતદારયાદીમાં કોઇ નામ નોંધણી સામે વાંધો ઉઠાવવા | મતદારયાદીમાંની વિગતોમાં ફેરફાર કે સુધારા માટે | એક જ વિધાનસભા મતવિભાગમાં એક મતદાન મથકમાંથી બીજા મતદાન મથકમાં સ્થળાંતર થવાથી |



ફોર્મ ભરવાનો સમયગાળો
તા.: ૧૫-૯-૨૦૧૬ થી ૧૪-૧૦-૨૦૧૬
(કચેરી સમય દરમ્યાન)

મતદાર તરીકે નોંધણી કરાવવાની આ તક ચૂકશો નહિ

ખાસ ઝૂંબેશની તારીખો
૧૮-૯-૨૦૧૬ (રવિવાર)
૨૫-૯-૨૦૧૬ (રવિવાર)
૯-૧૦-૨૦૧૬ (રવિવાર)
આ તારીખો દરમ્યાન તમારા મતદાન મથકે સવારે ૧૦:૦૦ વાગ્યા થી સાંજે ૬:૦૦ વાગ્યા દરમ્યાન તમે ફોર્મ ભરી શકશો.

Website : www.eci.nic.in
ભારત નિર્વાચન આયોગ
http://www.nvsp.in/